# 1st Senior Officials’ India-France-Australia Trilateral Dialogue

September 09, 2020

## 1લો વરિષ્ઠ અધિકારીઓનો ભારત-ફ્રાન્સ-ઓસ્ટ્રેલિયા ત્રિપક્ષીય સંવાદ

સપ્ટેમ્બર 09, 2020

પ્રથમ ભારત-ફ્રાન્સ-ઓસ્ટ્રેલિયા ત્રિપક્ષીય સંવાદ 9 સપ્ટેમ્બર 2020 નાં રોજ વર્ચ્યુઅલી યોજવામાં આવ્યો હતો. આ બેઠકની સહ-અધ્યક્ષતા ભારતનાં વિદેશ સચિવ શ્રી હર્ષવર્ધન શ્રૃંગલા, ફ્રાન્સનાં યુરોપ અને વિદેશી બાબતોનાં મંત્રાલયનાં મહા-સચિવ શ્રી ફ્રાન્કોઈસ ડેલાટ્રે અને વિદેશી બાબતો અને વ્યાપારનાં ઓસ્ટ્રેલિયન ડીપાર્ટમેન્ટનાં સચિવ શ્રીમતિ ફ્રાન્સેસ એડમસન દ્વારા કરવામાં આવી હતી. આ સંવાદનું કેન્દ્રબિંદુ ઈન્ડો-પેસિફિક પ્રાંતમાં સહકાર વધારવા પર હતું.

આ સંવાદ દરમિયાન, ત્રણેય પક્ષોએ ઈન્ડો-પેસિફિકમાં ખાસ કરીને કોવિડ-19 મહામારી અને કોવિડ-19 નાં સ્થાનિક પ્રતિભાવોનાં સંદર્ભમાં આર્થિક અને ભૌગોલિક વ્યહરચનાનાં પડકારો પર ચર્ચા કરવામાં આવી હતી. ત્રિપક્ષીય અને પ્રાંતિય સ્તર પર વ્યવહારું સહકાર માટે ASEAN, IORA અને ઈન્ડિયન ઓશ કમિશન જેવી પ્રાંતિય સંસ્થાઓ મારફ્ત સહિત મરિન ગ્લોબલ કોમન્સ અને સંભવિત ક્ષેત્રો પર સહકાર પર પણ ચર્ચા કરવામાં આવી હતી. આ ત્રણેય દેશોએ બહુઆયામવાદને મજબૂત કરવા અને સુધારાઓ કરવાનાં શ્રેષ્ઠ માર્ગો સહિત પ્રાંતિય અને વૈશ્વિક બહુઆયામી સંસ્થાનોમાં અગ્રિમતાઓ, પડકારો અને વલણો પર પણ આદાન-પ્રદાનો કરવામાં આવ્યા હતા.

ત્રણેય દેશો પરસ્પરનાં દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવાનાં અને તેઓનાં સામર્થ્યનો સુમેળ લાવવાનાં અને શાંતિપૂર્ણ, સુરક્ષિત, સમૃદ્ધ અને નિયમો-આધારિત ઈન્ડો-પેસિફિક પ્રાંત સુનિશ્ચિત કરવાનાં ધ્યેય સાથે આ પરિણામ લક્ષ્યાંકિત બેઠક યોજવામાં આવી હતી.. ત્રણેય પક્ષો વાર્ષિક ધોરણે સંવાદ યોજવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 09, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.